ગાંધીનગર સમાચાર

નગરના ઘ-માર્ગ કેસરી અને ચ-માર્ગ પીળા રંગના ફુલો નિખરશે

# ચૌધરી સ્કૂલ નજીકથી યુવતીનું અપહરણ

**સમી સાંજે સ્વીફ્ટ ડીઝાયર ગાડીમાં આવેલા ચાર શખ્સો યુવતીને ટીંગાટોળી કરીને ગાડીમાં નાંખીને ઉપાડી ગયા : અપહરણ થતુ જોઈ એક મહિલા અધિકારીએ હિંમત દાખવીને તે શખ્સોને ઉભા રાખી ૧૮૧ અભયમમાં કોલ કર્યો પણ અભયમ એક કલાક બાદ આવી..! : પોલીસની ટીમો તપાસ માટે દોડતી થઈ**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના મધ્ય વિસ્તાર એવા પથિકાશ્રમ સર્કલથી ચ-૩ સર્કલ વચ્ચે ચૌધરી સ્કૂલની સામેથી આજે સમી સાંજે સ્વિફ્ટ ડીઝાયર ગાડીમાં આવેલા ચાર શખ્સો એક યુવતીનું અપહરણ કરી ફરાર થઈ ગયા હતા. યુવતીને ટીંગાટોળી કરીને ગાડીમાં ઉપાડી જતા જોનાર એક મહિલા અધિકારીએ હિંમત કરીને આ શખ્સોને ઉભા રાખી ૧૮૧ અભયમમાં કોલ કર્યો પરંતુ તે શખ્સો યુવતીને ગાડીમાં લઈને ફરાર થઈ ગયા હતા. તો બીજી તરફ એક કલાક બાદ અભયમની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. આ મામલાને ગંભીરતાથી લઈને પોલીસની ટીમો દોડતી કરી દેવાઈ છે. મોડી રાત સુધી યુવતીનો કે અપહરણકારોનો પત્તો લાગ્યો ન હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ઘ-૩ સર્કલથી ચ-૩ સર્કલ વચ્ચે ચૌધરી શાળાની સામેના વિસ્તારમાં સાંજે સવા છ વાગ્યે એક યુવતી બેઠી હતી. મો પર દુપટ્ટો બાંધીને બેઠેલી આ યુવતી નજીક સ્વીફ્ટ ડીઝાયર ગાડી આવી અને તેમાંથી ચાર યુવાન શખ્સો ઉતર્યા હતા. યુવતીને ટીંગાટોળી કરીને ગાડીમાં નાંખી દેવામાં આવી હતી. તેટલામાં ઓફીસ પતાવીને ગાડી લઈને નીકળેલા મહિલા અને બાળ વિકાસમાં પ્રોટેક્શન ઓફિસર તરીકે ફરજ બજાવતા મહિલા પોતાની ગાડી લઈને ત્યાંથી પસાર થતા આ ઘટના જોઈ ગયા હતા. પોતાની ગાડીને ઉભી કરી દઈ સ્વીફ્ટ ડીઝાયરમાં અપહરણ કરીને લઈ જઈ રહેલા શખ્સોને તેમણે હિંમતપૂર્વક ઉભા રાખી દીધા અને યુવતીને કેમ લઈ જાવ છો ? કોણ છો તમે ? તેવા પ્રશ્નો કરી ઘટના સમજવા પ્રયાસ કર્યો હતો. ચાર પૈકી એક શખ્સ તે યુવતીને પોતાની બહેન અને બીજો પોતાની પત્નિ હોવાનુ કહી રહ્યા હતા અને આ યુવતી આપઘાત કરવા નીકળી છે અમે શોધતા શોધતા આવ્યા છે તેમ કહ્યું હતુ. મહિલા અધિકારીને તેમની વાત પર વિશ્વાસ મુકવા કરતા પોલીસ બોલાવવી વધુ હિતાવહ લાગી યુવતી

● અનુસંધાન પાન-૭ પર



ગ્રેટ ગ્રાન્ડ મસ્તી - બોલીવુડની આગામી ફિલ્મ 'ગ્રેટ ગ્રાન્ડ મસ્તી'ના પ્રમોશન માટે ગાંધીનગરના પાદરે બાપુ નૉલેજ કોલેજ ખાતે કલાકારો આવ્યા હતા... વિવેક ઓબેરોય, રિતેષ દેશમુખ, આફતાબ શિવદાસાની, ઉર્વશી રોટેલાએ કૉલેજના વિદ્યાર્થીઓ સાથે મસ્તીભરી વાતો કરી હતી...

# નગરના ઘ-માર્ગ કેસરી અને ચ-માર્ગ પીળા રંગના ફુલો નિખરશે

**વનતંત્ર દ્વારા શહેરમાં ૨૭૪૫૫ રોપાઓની વાવણી કરવામાં આવી પીળા, કેસરી અને ગુલાબી કલરકોડ પ્રમાણે રોપાઓની વાવણી**

ગાંધીનગર તા ૧૪

ચોમાસામાં વરસાદી દિવસો દરમિયાન વનતંત્ર દ્વારા ૨૭૪૫૫ રોપાઓની વાવણી કરવામાં આવી છે. નગરના વિવિધ માર્ગોને અનુલક્ષી કલરકોડ પ્રમાણે રોપાઓનુ વાવેતર કરવામાં આવ્યુ છે. જેમાં ચ માર્ગને પીળા તેમજ ઘ માર્ગને કેસરી રંગથી નિખારવા માટે ગરમાળા, કેસુડા, કોડીયા, કરેણ સહીતના વિવિધ રોપાઓની વાવણી કરી દેવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં વૃક્ષોની કટોતી પર્યાવરણ પ્રેમીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. ત્યારે વનતંત્ર દ્વારા દરવર્ષે શહેરમાં ચોમાસા દરમિયાન રોપાઓની વાવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ વનતંત્ર દ્વારા શહેરમાં રોપાઓની વાવણી માટે ખાડા ખોદી દેવામાં આવ્યા હતા. જયારે ચોમાસાને ધ્યાને લઈ તંત્ર દ્વારા એડવાન્સ વાવેતર પણ કરી દેવાયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# આગામી સપ્તાહે ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા.૧૪

રાજયના ઘણા ભાગોમાં સારો વરસાદ રહ્યા બાદ આગામી અઠવાડિયે વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થશે.

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે ચોમાસુ વરસાદ મોડે મોડે પણ રાજયના ઘણા ભાગોમાં વરસ્યો છે છતાં હજુ રાજયના કેટલાક ભાગોમાં વરસાદ ઓછો છે તેમજ અપુરતો પણ છે. વરસાદ અંગે જોતા આકાશ અને પૃથ્વી વચ્ચેનું વાતાવરણ ઠંડુ પડે અને વાદળોને ઠંડક મળતા વરસી શકે પરંતુ હજુ સુધી જળચર પ્રાણીઓ જેમ કે ઈંડાળી કીડીઓ વગેરેની ગતિવિધિ જણાતી નથી. બાષ્પ અને ઉકળાટ છે, ભેજ પણ ઘણો છે. છતાં બંગાળના ઉપસાગરનું વહન રાજયના સઘળા ભાગોમાં વરસાદ વરસાવી શકવા સમર્થ નથી અને ખંડીય પ્રકારની વૃષ્ટિ થાય છે. દેશના ઘણા ભાગોમાં સારો વરસાદ છે પરંતુ હજુ દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગો, ઉત્તર ગુજરાતના ભાગો અને સૌરાષ્ટ્રના ભાગો, ઝાલાવાડના ભાગોમાં વરસાદ અપુરતો છે. આથી અર્ધો જુલાઈ માસ ગયો છતાં ખેડૂતભાઈઓ વાવણી લાયક વરસાદની રાહમાં છે. વરસાદનું બીજ વીજ છે અને જો વિજળી થશે તો રાજયના ભાગોમાં હજુ પણ વરસાદની શકયતા રહે છે. જયારે દેશના ઉત્તર પૂર્વીય ભાગો, મધ્યપ્રદેશના ભાગો, મહારાષ્ટ્રના ભાગોમાં અતિ ભારે વરસાદની શકયતા છે.

ભૌગોલિક ગ્રહ તેમજ અન્ય આધારે જોતાં જુલાઈ તા. ૧૬-૧૭માં રાજયના ભાગોમાં વરસાદી વાતાવરણ ઉભુ થવાની શકયતા છે. તારીખ ૧૫થી ૨૧ જુલાઈ સુધીમાં રાજયના ભાગોમાં સારા વરસાદની શકયતા છે. બંગાળના ઉપસાગરનું વહન અને અરબી સમુદ્રનું વહન સક્રિય થાય તો ભારે કે અતિ ભારે વરસાદ પડવાની શકયતાઓ છે. જે વહન અંગે હજુ થોડા દિવસ રાહ જોવી પડે તેમ જણાય છે. આમ છતાં ભૌગોલિક ભાગો અને ગ્રહ નક્ષત્રને આંતરીતે હમણા વરસાદના સંજોગો જણાય છે.

# આજે મનપાની સામાન્ય સભા તોફાની બનશે

**એજન્ડામાં એક જ મુદ્દો છે પણ વિપક્ષ આક્રમક મૂડમાં હોવાથી બેઠક તોફાની બનશે**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે બપોરે ૧૧.૩૦ કલાકે મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે સામાન્ય સભા મળશે.

મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળનારી આ સામાન્ય સભામાં મનપાના કાયદા અધિકારીની જગ્યા અપગ્રેડ કરવાની એક બાબત જ કાર્યસૂચિમાં સમાવવામાં આવી છે. છેલ્લી સ્થાયી સમિતિની બેઠકમાં આ અંગે સામાન્ય સભાની મંજૂરી માટે મોકલવાનો નિર્ણય લેવાયો હતો જે ઉલ્લેખનીય છે.

આ બેઠકમાં મેનપાવર સપ્લાયનું ટેન્ડર મંજૂર કરાયા પછી રદ કરવાના વિવાદાસ્પદ નિર્ણયને તેમજ શહેરની સ્વચ્છતાનો મુદ્દો પણ અને મનપામાં વધતા જતા ભ્રષ્ટાચારની બાબતને ઉછાળી બેઠકને ઉત્તેજીત બનાવે તેવી શક્યતાઓ છે.

સ્થાયી સમિતિએ મેનપાવર માટે પસંદ કરેલી એજન્સી પછી કમિશનર દ્વારા રદ કરાયેલા ટેન્ડરને લઈ નવુ ટેન્ડર પણ બહાર પાડી દેવામાં આવ્યું છે. આને લઈ વિપક્ષ હોબાળો મચાવે તેવી શક્યતાઓ છે. આ ઉપરાંત ચોમાસામાં સે. ૨૪ સહિત ઘણા બધા સેક્ટરોમાં પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાનો અભાવ અને રોગચાળો ઉભો થવાની ભીતિને મુદ્દે વિપક્ષ હોબાળો મચાવે તેવી શક્યતાઓ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે આ બીજી બેઠક મળી રહી છે. સામાન્યતઃ ૨૦મીએ સામાન્યસભા મળતી હોય છે. પરંતુ આ વખતે પાંચ દિવસ વહેલી બેઠક યોજવામાં આવી રહી છે. જો કે આ બેઠકમાં આમ તો માત્ર વૈધાનિક કામગીરીનો એક માત્ર જ એજન્ડા સૂચવાયો છે.

મળતી વિગતો પ્રમાણે વિપક્ષે પણ ચર્ચાની માંગણી કરી છે હવે તે સ્વીકારવામાં આવે છે કે કેમ ? તેને લઈ ઉત્તેજનાઓ જોવા મળી રહી છે. ગાંધીનગર મનપામાં ભાજપ પાસે આમ તો માત્ર ૧ જ સભ્યની બહુમતિ છે.

# શહેરમાંથી વ્યાપક પ્રમાણમાં મચ્છરોના પોરા મળ્યા

**શહેરના સે. ૩, ૬, ૧૪, ૨૪, ૨૫ અને જીઆઈડીસી તેમજ જીઈબીમાં ૨૫૬ જગ્યાએથી મચ્છરોના પોરા મળ્યા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના સે. ૩, ૬, ૧૪, ૨૪, ૨૫ અને જીઆઈડીસી તેમજ જીઈબીમાં ૨૫૬ જેટલી જગ્યાએથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા આજે શહેરી મેલેરીયા ટીમે શોધી કાઢી અને પોરાનાશક કામગીરી કરી હતી.

મળતી વિગતો પ્રમાણે જીઆઈડીસી વિસ્તારમાંથી મોટા પ્રમાણમાં એડીસ મચ્છરોના પોરા મળી આવ્યા હતા. આને લઈ તંત્ર પણ ચોંકી ઉઠયું હતું. આ વિસ્તારમાં બે હજારથી વધુ કર્મચારીઓ વિવિધ એકમોમાં ફરજો બજાવી રહ્યા છે.

આ વિસ્તારમાં પોરાનાશક કામગીરી કર્યા બાદ તંત્રની ટીમે સે. ૩, ૬, ૧૪, ૨૪, ૨૫માં પણ પાણી ભરાઈ રહેવાની વ્યાપક ફરિયાદો અને ગયા વર્ષે સંવેદનશીલ બનેલા આ વિસ્તારોમાં ૪૧૮૫ જેટલા મકાનોમાં ચકાસણી હાથ ધરી હતી.

તંત્રની ટીમે ૮ હજારથી પણ વધુ પાત્રોની ચકાસણી કરતાં ૨૫૬ જેટલા સ્થાનોમાંથી પોરા મળી આવ્યા હતા. છેલ્લા બે દિવસમાં જ ત્રણસોથી વધુ સ્થાનોએથી એડીસ મચ્છરોના પોરા ચોમાસાના આરંભ પછી મળી આવતાં તંત્રની ટીમે સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવી છે એટલુ જ નહિ પોરાનાશક કામગીરી તેમજ એન્ટી લારવેલની કામગીરી પર વધુ ભાર મુક્યો છે.

તંત્ર દ્વારા શહેરને સંવેદનશીલ વિસ્તારોની યાદીમાં સમાવાયા બાદ કામગીરીને સઘન બનાવી છે. આ વખતે તંત્ર તેની કામગીરીમાં કોઈ જ કચાશ રાખવા માગતુ નથી.



ગાંધીનગર શહેરના બજારોમાં વ્રતના જવારા ખરીદવા માટે છેલ્લી ઘડીએ ભીડ જોવા મળી હતી. શહેરના સેક્ટર-૭, ૨૧, ૨૪ સહિતના બજારોમાં પોતાની દિકરીના વ્રત માટે જવારા ખરીદતા નજરે પડ્યા હતા. જવારાનો ભાવ પણ છેલ્લા ઘડીએ ઉંચકાયા હતા. જેમાં નાની છાબડીમાં રહેલા જવારાનો ભાવ રૂ.૩૦ અને મોટી છાબડીના જવારાનો ભાવ રૂ.૫૦, તેમજ પુજાપાની થેલી રૂ. ૨૦ માં વેચાતી હતી.

# શહેરમાં વિકાસ કામો પાછળ બે વર્ષમાં ૨૭૧૩ વૃક્ષોની કટોતી

**વિકાસના વિવિધ કામો માટે કપાયેલા વૃક્ષો માટે વનતંત્રને રૂ ૧૯.૫૮ લાખનુ વળતર ચુકવાયુ**

ગાંધીનગર તા ૧૪

શહેરમાં છેલ્લા બે વર્ષ દરમિયાન વિકાસ કામોના લીધે ૨૭૧૩ વૃક્ષોની કટોતી કરવામાં આવી છે. વનતંત્ર દ્વારા સે-૧થી ૩૦ માં વિવિધ કામગીરીને અનુલક્ષી બે વર્ષ દરમિયાન પોણા અઢી હજારથી પણ વધુ વૃક્ષો કાપવાની મંજુરી આપવામાં આવી હતી. જયારે હરિયાળીનો સોથ વાળવા માટે વિવિધ વિભાગો દ્વારા વનતંત્રને રૂ ૧૯.૩૮ લાખનુ વળતર ચુકવાયુ છે.

ગાંધીનગર જિલ્લામાં વિકાસના અનેકવિધ કામો અન્વયે વૃક્ષોની કટોતીનો મુદ્દો પ્રકૃતિ પ્રેમીઓ માટે પણ આક્રોશનુ કારણ બન્યો છે. છેલ્લા દોઢ દાયકામાં જિલ્લામાં સેંકડો વૃક્ષોનો સોથ વળી ગયો છે. જયારે વન તંત્ર દ્વારા થતા વાવેતરના અંતે પણ રોપાઓની જાળવણી યોગ્ય રીતે ન થતા વૃક્ષોનુ બાળમરણ થતુ હોવાની નારાજગી પણ પ્રબળ બની છે. હાઈટેક બનતા ગાંધીનગરમાં વૃક્ષછેદનની પ્રવૃતિ આમ પણ વધી છે. ત્યારે વૃક્ષોની કટોતી માટે વિકાસ કામો પણ જવાબદાર હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરમાં માર્ગોને અપગ્રેડ કરવા માટે પણ વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. હાલ નગરમાં ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ખ માર્ગને સિકસલેન બનાવા માટે પણ વૃક્ષો કાપવામાં આવ્યા છે. શહેરમાં છેલ્લા બે વર્ષ દરમિયાન ૨૭૧૩ જેટલા વૃક્ષો કાપવાની વનતંત્ર દ્વારા મંજુરી આપવામાં આવી હતી. જયારે વિવિધ વિકાસ કામો માટે આ વૃક્ષોની કટોતી માટે વન તંત્રને રૂ ૧૯.૫૮ લાખનુ વળતર પણ ચુકવી દેવાયુ છે. ગાંધીનગર ગ્રીન સીટીમાંથી બેરન સીટી બનવા તરફ હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. ત્યારે શહેરમાં વધતી વૃક્ષછેદનની પ્રવૃતિના લીધે પણ પર્યાવરણ પ્રેમીઓમાં રોષ પ્રવર્તયો છે. શહેર ઉપરાંત જિલ્લામાં રસ્તાના વિવિધ કામો માટે સેંકડો વૃક્ષો કાપવામાં આવ્યા છે.

# ૧૪મા નાણાં પંચની બીજા વર્ષની ગ્રાન્ટનો પ્રથમ હપ્તો જ રૂ. ૧૬ કરોડનો ફાળવવામાં આવ્યો

**સેમી અર્બન ૩૬ વિલેજને પણ આ વર્ષે ગ્રાન્ટ ફાળવવા માટે સરકારે વલણ સ્પષ્ટ કરતાં ગ્રાન્ટની રકમમાં વૃદ્ધિ થયાનો અંદાજ છે**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાને ૧૪મા નાણાંપંચની બીજા વર્ષની ગ્રાન્ટનો પ્રથમ હપ્તો ગત વર્ષે બે હપ્તા પેટે મળેલી જેટલી જ રકમ મળવા પામી છે. આ બીજા વર્ષમાં પ્રથમ હપ્તા પેટે જ રૂ. ૧૬ કરોડ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર જિલ્લામાં ૩૬ ગામો જે સેમી અર્બન વિલેજ તરીકે ઓળખાતા હતા તેમને પ્રથમ વર્ષે ગ્રાન્ટ સ્પષ્ટ માર્ગદર્શનના અભાવે ફાળવવામાં આવી ન હતી. આ બાબતે તંત્રએ પણ સરકાર સમક્ષ માર્ગદર્શન મળ્યુ હતુ. બીજી તરફ આ ગામોના સરપંચોએ પણ સરકારમાં રજુઆત કરી અન્યાય કરાતો હોવાની લાગણી વ્યક્ત કરતાં સરકારે સરપંચોની રજુઆતનો સ્વીકાર કરી હવે નાણાંપંચની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય લીધો હોવાથી આટલી મોટી રકમ ફાળવવામાં આવી હોવાનું મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે સરકારે હજુ કોઈ સ્પષ્ટ લેખિત જાણકારી નિર્ણયની તંત્રને કરી નથી પરંતુ એવુ મનાઈ રહ્યું છે કે આ રકમમાં હવે ૩૬ સેમી અર્બન વિલેજનો સમાવેશ કરવામાં આવ્યો છે અને તેમને એકી સાથે બે વર્ષની ગ્રાન્ટ ફાળવી આપવામાં આવશે.

આ સેમી અર્બન વિલેજની વિલેજ પ્રોફાઈલ અને ડેવલપમેન્ટ પ્લાન પણ આગામી દિવસોમાં માંગવામાં આવશે. આ પછી તે મંજૂર થયેથી જ ગ્રાન્ટની વસ્તીના ધોરણે ફાળવણી કરવામાં આવશે.

સરકારે ૧૪મા નાણાં પંચની ગ્રાન્ટના વપરાશ માટે વિલેજ ડેવલપમેન્ટ પ્લાન માગ્યા હતા અને જેથી વિકાસના કામો બેવડાય નહિ તેમજ વિકાસના કયા કામો કયા વિસ્તારમાં હાથ ધરાયા છે તેનુ અસરકારક મોનીટરીંગ પણ થઈ શકે. જો કે પ્રથમ વર્ષે ગ્રાન્ટ વાપરવાને લઈ મુકેલો પ્રતિબંધ મોડો ઉઠાવતાં હજુ

● અનુસંધાન પાન-૭ પર


## જાહેર સ્પષ્ટતા

**તા. ૧૪/૭/૨૦૧૬ના રોજ પ્રસિદ્ધ થયેલ ગાંધીનગર પ્રજાપતિ સમાજની ચૂંટણી અંગેની જાહેરાત બાબતે સ્પષ્ટતા**

ગાંધીનગર પ્રજાપતિ સમાજની ચૂંટણી બાબતે ના. ચેરીટી કમિશનરશ્રીએ જ્યુડીશીયલ પરચૂરણ અરજી નં. ૬૪/૨૦૧૪માં કરેલ હુકમ સામે હાલના હોદ્દેદારો દ્વારા ના. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પેશીયલ સિવિલ અરજી નં. ૧૧૩૩૪/૨૦૧૬ની કરેલ છે. જેમાં ના. ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા. ૨૮/૭/૨૦૧૬ના રોજની નોટીસ સામાવાળાઓને કાઢેલ છે. જેથી આ બાબતે પ્રજાપતિ સમાજના સભ્યોના ધ્યાને આ હકીકત અમો લાવી રહ્યા છીએ.

ગાંધીનગર પ્રજાપતિ સમાજના હોદ્દેદારો










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com